**વંચાણે લીધા:**(૧)ગુજરાત સરકાર નાંણાંવિભાગના ઠરાવ ક્રમાંક:પીજીઆર/૧૦૦૯/૧૧/પેસેલ/ચ, તા:૦૩/૧૦/૧૨
(૨) આઈ.સી.એ.આર.ના પત્ર નં.૧૫(૧)/૨૦૦૮/એચઆરડી/તા:૨૧/૧૧/૨૦૦૮

# પરિપત્ર

**વિષય:– RA / JRF / SRF ને મુસાફરી ભથ્થું ચૂકવવા બાબત.**

નવસારી કૃષિ યુનિવર્સિટી,નવસારીમાં જુદી જુદી યોજનાઓમાં યોજનાની કામગીરી પુરતા **RA / JRF / SRF** રોકવામાં આવતા હોય છે, અને યોજનાની કામગીરી સબબ પ્રવાસમાં પણ મોકલવાના થતા હોય છે, તેઓને આઈ.સી.એ.આર.ની માર્ગદર્શક સૂચનાઓ મુજબ ફીકસ પગાર તથા એચ.આર.એ.ચૂકવવામાં આવે છે. **RA / JRF / SRF** ને ફીકસ પગારમાં નિમણુંક થતી હોવાથી વંચાણે લીધા ક્રમ–૧ ના નાંણાંવિભાગના ઠરાવમાં મુસાફરી ભથ્થાના દરનો સમાવેશ થયેલ નથી,પરંતુ વંચાણે લીધા ક્રમ–૨ ના આઈ.સી.એ.આર.ના પત્રમાં **RA / JRF / SRF** ને જયારે યોજનાની કામગીરી માટે પ્રવાસમાં મોકલવાના થાય ત્યારે રેલ્વેના એસી.ટુ–ટાયર વર્ગ સુધી અથવા તેનાથી નીચેના કોઈપણ વર્ગમાં મુસાફરી કરી શકશે, તેવી જોગવાઈ થયેલ છે.

ઉપર મુજબની જોગવાઈ ધ્યાને લેતા યુનિવર્સિટીમાં **RA / JRF / SRF** તરીકે ફરજ બજાવતા કર્મચારીઓને ઉપરોકત વંચાણે લીધા ક્રમ–૧ના ઠરાવના એનેક્ષર–બી માં જણાવ્યા મુજબ RA / JRF / SRF માટે ગ્રેડ–પે 4200 to 6600 ના સ્ટેજને ધ્યાને લઈ એસી.ટુ–ટાયર વર્ગ સુધી અથવા તેનાથી નીચેના કોઈપણ વર્ગમાં મુસાફરી કરવા હકકદાર થશે, અને એનેક્ષર–સી માં જણાવ્યા મુજબ TA/DA ચૂકવવાનું રહેશે. **RA / JRF / SRF** ના મુસાફરી ભથ્થાનો ખર્ચ જે યોજનામાં તેઓને રોકવામાં આવેલ હશે તેજ યોજનામાં મંજુર થયેલ ગ્રાન્ટમાંથી ઉધારવાનો રહેશે.

પ્રસ્તુત પરિપત્ર માન.કુલપતિશ્રીની અનુમતિ મેળવી બહાર પાડવામાં આવે છે.

**હિસાબી અધિકારી–વ–હિસાબ નિયામક**

જા.નં.નકૃયુ/હિઅવહિનિ/વહટ/૧૧૭૯૬–૮૪૬ તા: ૨૮/૧૧/૨૦૧૩

**<u>નકલ જયભારત સાથ રવાના:–</u>**
(૧) યુનિવર્સિટીના તમામ અધિકારીશ્રીઓ તરફ..જાણ સારુ
(૨) યુનિવર્સિટીની તમામ કચેરીના વડાશ્રીઓ તરફ.અમલ થવા સારુ.
(૩) વહીવટી–વ–હિસાબી અધિકારી,ન.કૃ.યુ.નવસારી
(૪) માન.કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી,ન.કૃ.યુ.નવસારી

**નકલ રવાના:**
(૧) હિસાબી અધિકારી (કેશ)ન.કૃ.યુ.નવસારી
(૨) હિસાબી અધિકારી,(કેશ) ન.કૃ.યુ,સુરત
(૩)ઓડીટ ઓફિસરશ્રી,ન.કૃ.યુ.નવસારી